GJVD022328072025

**મુ.અ.નં.૯૫૩૩/૨૦૨૫.**

**વારસીયા પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૧૯૬૦૩૮૨૫૦૨૪૨/૨૦૨૫ ના કામે પોલીસે કબ્જે કરેલ મોબાઈલ પરત મેળવવાની અરજદાર શર્મા રોહીત રામઅવતારભાઈનાઓની મુદ્દામાલ અરજી લગત હુકમઃ–**

---

(૧) આ કામે **વારસીયા પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૧૯૬૦૩૮૨૫૦૨૪૨/૨૦૨૫ એમ.વી.એક્ટ કલમ–૧૮૫ તથા પ્રોહી.એક્ટની કલમ–૬૬(૧)(બી)** મુજબના ગુનાના કામે પોલીસે કબ્જે લીધેલ આ કામના અરજદારની માલીકીનો ઓપો રેનો–૧૦ મોબાઈલ ફોન જેનો આઈ.એમ.ઈ.આઈ.નં.૮૬૫૮૬૫૦૬૮૯૧૪૯૫૧ પરત મેળવવા હાલની અરજી કરેલ છે. અરજદારે અરજીમાં જણાવેલ છે કે, સદર મોબાઈલ તેઓની માલીકીનો છે અને સદર મોબાઈલ અરજદારના રોજબરોજના ઉપયોગના સાધનો છે, સદર મુદ્દામાલ વધુ સમય પોલીસ સ્ટેશનમાં બંધ હાલતમાં પડી રહેવાથી તેને નુકશાન થવાની સંભાવના રહેલ છે તેમજ અરજદારના રોજબરોજના કામકાજમાં તકલીફ થાય તથા આર્થિક નુકશાની થાય તેમ છે, જેથી યોગ્ય શરતોને આધીની સદર મુદ્દામાલ પરત સોંપવા અરજ કરેલી છે.

(૨) અરજદારની સદરહું અરજી અન્વયે વિ. એ.પી.પી.શ્રીને સાંભળ્યા અને વિ. એ.પી.પી.શ્રી સદરહું મુદ્દામાલ છોડવા સામે સખત વાંધો હોવાનું જણાવેલ છે.

(૩) ઉપર મુજબની ઉભય પક્ષકારોની દલીલો તથા અરજદારની સદર અરજી અન્વયે તપાસ કરનાર અમલદારે કરેલ અભિપ્રાય વંચાણે લીધો તથા તેની સાથે રજુ થયેલ પંચનામું, મુદ્દામાલ પાવતી વંચાણે લીધા. સદર કામે અરજદારના વિ.વકીલશ્રીને સાંભળ્યા.

(૪) સદર કામે રજુ થયેલ અરજી અન્વયે અરજદારે આ અરજી સાથે સદર મોબાઈલ તેઓની માલીકીનો હોવા સંબંધે સદર મોબાઈલ ખરીદ્યાના બીલની નકલ રજુ કરેલ છે, જેમાં માલીક તરીકે અરજદારનું નામ દર્શાવેલ છે, જેનાથી અરજીને સમર્થન મળે છે. સદર મુદ્દામાલ વધુ સમય માટે પોલીસ સ્ટેશનમાં પડી રહે તો તેના સ્પેર પાર્ટસને નુકશાન થાય અને તેથી અરજદારને આર્થિક નુકશાની સહન કરવી પડે તથા અરજદારને મુદ્દામાલ વગર રોજબરોજના કામકાજમાં તકલીફ થાય તેવા સંજોગો છે. જેથી તેને અરજદારને અમુક રકમના જામીન આપ્યેથી શરતોને આધિન મુદ્દામાલ પરત સોંપવામાં આવે તો ઉપરોક્ત મુદ્દામાલનો ઉપયોગ થઈ શકે તથા તેનો વ્યય થતો અટકે. વળી **નામદાર સુપ્રિમ કોર્ટના ૨૦૦૩(૧) જી.એલ.એચ. પાના નં.૩૦૭, સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિરૂધ્ધ ગુજરાત સરકાર**ના ચુકાદા મુજબ મુદ્દામાલ અરજદારને સોંપવો જોઈએ તે ધ્યાને લઈ તેવા

સંજોગોમાં અરજદારને જામીન આપ્યેથી યોગ્ય શરતોને આધિન મુદ્દામાલ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે તો તે વ્યાજબી, ન્યાયી અને ઉચિત જણાશે. જેથી નીચે મુજબનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવે છે.

**હુ ક મ**

– અરજદારની હાલની મુદ્દામાલ પરત મેળવવાની અરજી મંજુર કરવામાં આવે છે.

– **વારસીયા પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૧૯૬૦૩૮૨૫૦૨૪૨/૨૦૨૫ એમ.વી.એક્ટ કલમ–૧૮૫ તથા પ્રોહી.એક્ટની કલમ–૬૬(૧)(બી)** મુજબના ગુનાના કામે પોલીસે કબ્જે લીધેલ આ કામના અરજદારની માલીકીનો ઓપો રેનો–૧૦ મોબાઈલ ફોન જેનો આઈ.એમ.ઈ.આઈ.નં.૮૬૫૮૬૫૦૬૮૯૧૪૯૫૧ ને આ કામના અરજદારને મુદ્દામાલ પાવતીમાં જણાવેલ કિંમતથી દોઢી રકમના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો જે તે પોલીસ સ્ટેશને રજુ કર્યેથી નીચેની શરતોને આધિન વચગાળાની કસ્ટડીના સ્વરૂપે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતોઃ–**

(૧) અરજદારે સદરહુ મુદ્દામાલ નામદાર કોર્ટ જ્યારે અને જ્યાં ફરમાવે ત્યારે અને ત્યાં રજુ કરવાનો રહેશે.

(૨) અરજદારે મુદ્દામાલની સંભાળ લેવી અને તેના સ્વરૂપમાં કોઈ ફેરફાર કરવો નહી.

(૩) અરજદારે સદર મુદ્દામાલ કોઈને બક્ષિસ આપવું નહી, વેચવું નહી, કે અન્ય કોઈ પણ રીતે તબદીલ કરવું નહી.

(૪) અરજદારે મુદ્દામાલનો ગુન્હાહિત પ્રવૃત્તિમાં ઉપયોગ કરવો નહી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૮ – ૧૨–૨૦૨૫
વડોદરા.

**( કુ.એલ.એમ.પરમાર )**
**છઠ્ઠા એડી.જ્યુડી.મેજી.ફર્સ્ટ ક્લાસ,**
**વડોદરા.**
**કોડ નં.જીજે૦૧૭૦૫**

*A.K.Patel.*